ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા–છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### બોડેલીની ખત્રી વિદ્યાલય બની પર્યાવરણ રક્ષક : વૃક્ષારોપણ કાર્યક્રમની ઉજવણી



**બોડેલી** : પર્યાવરણની જાળવણી અને પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીના ભાગરૂપે બોડેલી નગરમાં આવેલ ખત્રી વિદ્યાલય ખાતે માનનીય વડાપ્રધાનશ્રીના આહવાનથી પ્રેરિત 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષા રોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને ગ્લોબલ વોર્મિંગ જેવી વૈશ્વિક સમસ્યા સામે લડવા માટે મહત્વનું યોગદાન આપવાનો હતો. આ કાર્યક્રમ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીથી ઉપસ્થિત એજ્યુકેશન ઇન્સ્પેક્ટર ક્રિષ્ના પાંચાણી સાહેબની અધ્યક્ષતામાં યોજાયો હતો. સાથે શાળાના આચાર્ય,ટ્રસ્ટી મંડળ,સામાજિક કાર્યકર યાસ્મીનબેન મન્સુરી,આમંત્રિત મહેમાનો હાજર રહી શાળાના વિશાળ પટાંગણમાં લીમડો, વડ,પીપળો,તુલસી,ગુલમહોર જેવા જુદા જુદા ઔષધી અને છાયા વૃક્ષોના રોપાઓ વાવવામાં આવ્યા હતા.

### સંખેડા કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો: હરિયાળુ છોટાઉદેપુર અભિયાન અંતર્ગત આયોજન



**સંખેડા** : હરિયાળુ છોટાઉદેપુર અભિયાન અંતર્ગત સંખેડાની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ 15 જૂનના રોજ કલેક્ટરના આદેશ મુજબ તાલુકા સેવાસદન સંખેડા અને કોલેજના સંયુક્ત ઉપક્રમે આયોજિત કરાયો હતો. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. ડી.વી. પટેલ, કોલેજ સ્ટાફ, એન.એસ.એસ.ના સ્વયંસેવકો અને ફોરેસ્ટ ઓફિસર વણકર સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. પી.આર. શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું.

### "સુશાસનના ૧૨ વર્ષ, ૧૨ લાખ વૃક્ષો" અંતર્ગત હરિયાળુ છોટાઉદેપુર અભિયાનનો પ્રારંભ



**પાદરા** : દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ અને લોક કલ્યાણકારી સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે તથા રાષ્ટ્રવ્યાપી 'એક પેડ મા કે નામ' અભિયાનથી પ્રેરિત થઈને છોટાઉદેપુર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા એક વિશેષ પર્યાવરણીય મહાઅભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લામાં "સુશાસનના ૧૨ વર્ષ - ૧૨ લાખ વૃક્ષો" ના સંકલ્પ સાથે 'હરિયાળું છોટાઉદેપુર અભિયાન'નો વિધિવત પ્રારંભ મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રાજ્યમંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. મનીષાબેન વકીલના હસ્તે કરવામાં આવ્યો હતો. પ્રભારી મંત્રીએ છોટાઉદેપુરના વાઘાસ્થળ ખાતે ગરિમામય ઉપસ્થિતિ વચ્ચે વૃક્ષારોપણ કરીને આ લોક અભિયાનને ખુલ્લું મૂક્યું હતું. આ અભિયાન અંતર્ગત પ્રથમ જ દિવસે સમગ્ર જિલ્લામાં એકસાથે ૧.૨૦ લાખથી વધુ રોપાઓનું વ્યાપક વાવેતર કરીને હરિયાળી ક્રાંતિના મંડાણ કરાયા છે.

### ખત્રી મહારાજ મંદિરે ભક્તિભાવ સાથે વિષ્ણુ યાગ યોજાયો , મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા



**પાદરા** : પાદરા જકાતનાકા પાસે આવેલ ખત્રી મહારાજ મંદિર ખાતે અધિકમાસની પૂર્ણાહુતિ નિમિત્તે ભવ્ય વિષ્ણુ યાગનું આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક માહોલ વચ્ચે યોજાયેલા આ યજ્ઞમાં મોટી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી ધર્મલાભ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત સવારે 9 વાગ્યે પૂજા-વિધિ સાથે કરવામાં આવી હતી, જેમાં 20 યુગલોએ વિશેષ પૂજનનો લાભ લીધો હતો. વિષ્ણુ યાગનો પ્રારંભ પાદરાના વિદ્વાન બ્રાહ્મણ મુન્ના મહારાજના માર્ગદર્શન હેઠળ 17 બ્રાહ્મણોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. બપોરે 12 વાગ્યે ગણેશ આરતી બાદ વિષ્ણુ યાગની મુખ્ય વિધિ શરૂ કરવામાં આવી હતી. યજ્ઞ દરમિયાન એક કલાક સુધી "ૐ નમો ભગવતે વાસુદેવાય" મંત્રના જાપ સાથે સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું. સાંજે શ્રીફળ હોમી પૂર્ણાહુતિ અને મહાઆરતી સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. મંદિરના મહંત ઉર્વેશ મહારાજ તેમજ ટ્રસ્ટીઓ ચંદુભાઈ પટેલ (મોટા), મનહરભાઈ પટેલ અને ઘનશ્યામભાઈ પટેલ (કૃષ્ણ ટોકીઝવાળા) દ્વારા અધિકમાસની પૂર્ણાહુતિ અંતર્ગત આ વિશેષ ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું.

### "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત ડભોઈ ITI ખાતે વૃક્ષારોપણ



**ડભોઈ** : કેન્દ્ર સરકારના 12 વર્ષના વિકાસમય શાસનની ઉજવણી અંતર્ગત ચાલી રહેલા વિવિધ જનજાગૃતિ, લોકસેવા અને પર્યાવરણ સંરક્ષણના કાર્યક્રમોના ભાગરૂપે ડભોઈ તાલુકામાં "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાયા હતા. સૌપ્રથમ કેલનપુર સ્થિત દાદા ભગવાન મંદિરના પ્રાંગણમાં મંદિર ટ્રસ્ટના સહયોગથી ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા અને તાલુકા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ શાહના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડભોઈના વઢવાણા રોડ પર આવેલી સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) ખાતે મહિલા પ્રિન્સિપાલ એ.એમ. ચૌધરી, વન વિભાગના આર.એફ.ઓ. પ્રિતેશકુમાર પ્રજાપતિ તથા ITI સ્ટાફના સહયોગથી "એક પેડ માં કે નામ" કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય શૈલેષભાઈ મહેતાએ ITIમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ ટેકનિકલ કિટ તેમજ વિવિધ એન્જિનિયરિંગ વિભાગોની મુલાકાત લઈ તાલીમ અને શૈક્ષણિક સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી. આ પ્રસંગે તાલુકા ભાજપ ઉપપ્રમુખ ભૂપેન્દ્રભાઈ પટેલ, ડભોઈ શહેર પ્રમુખ દિક્ષિતભાઈ દવે, મહામંત્રી કિરીટભાઈ વસાવા મોરચાની બહેનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

---

ફાયર વિભાગની બે ટીમોએ કલાકોની જહેમત બાદ આગ કાબૂમાં લીધી, સદનસીબે જાનહાનિ નહીં

## સાવલીના મંજુસર GIDCમાં ખાનગી કંપનીમાં ભીષણ આગ



**ધુમાડાના** ગોટેગોટા અને આગની જ્વાળાઓ દૂર સુધી દેખાઈ, નુકસાન અંગે તપાસ શરૂ

(પ્રતિનિધિ) સાવલી/વડોદરા, તા.15

સાવલી તાલુકાના મંજુસર GIDC માં આવેલી પહારપૂર કુલિંગ ટાવર નામની ખાનગી કંપનીમાં આજે અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કલાકોની જહેમત બાદ આગ કાબુમા આવી હતી.

આજરોજ મંજુસર જી આઈ ડી સી માં આવેલ પહારપૂર કુલિંગ ટાવર નામની કંપની ના બાર વાગ્યા ની આસપાસ અચાનક આગ ભભૂકી ઉઠી હતી આગની જાણ થતાં કંપનીના કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. અને આગના ગોટેગોટા દૂર દૂર સુધી જોવા મળ્યા હતા અને ભારે લપકારા મારતી આગની જ્વાળાઓએ ભારે ડરનો માહોલ પેદા કર્યો હતો ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની બે ફાયર ફાઈટર ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવા કામગીરી હાથ ધરી હતી. ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી.

આગની ઘટનામાં કંપનીને નોંધપાત્ર નુકસાન થયું હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. જોકે સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજાના અહેવાલ સામે આવ્યા નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી અને સંબંધિત વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

આગની ઘટનાને પગલે આસપાસના ઔદ્યોગિક વિસ્તારમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. આગ કાબૂમાં આવતા સ્થાનિકો અને કંપનીના કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. હાલમાં આગના કારણો અને નુકસાન અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.પ્રાથમિક વિગતો મુજબ કંપની ના એસેમ્બી વિભાગમાં આગ લાગી હતી આ આગ બાબતે કંપની સત્તાવાળાઓએ કંઈ પણ બોલવાનો ઈનકાર કર્યો હતો.

### ભાદરવામાં વીર શિરોમણી મહારાણા પ્રતાપની ભવ્ય પ્રતિમાનું અનાવરણ



**સાવલી** : સાવલી ના ભાદરવા ગામ ખાતે વર્ષો જૂની માંગ અને ક્ષત્રિય સમાજના સ્વપ્ન સમાંન વીરયોધ્ધા મહારાણા પ્રતાપની વિશાળ પ્રતિમાની સ્થાપના કરવાની હતી આજરોજ મહારાણા વીર પ્રતાપની પ્રતિમાનું વાજતે ગાજતે અને ભારે સન્માન સાથે સ્થાપના કરવામાં આવી હતી ક્ષત્રિય સમ્રાટ અને દેશના દરેક ક્ષત્રિયના આદર્શ અને પ્રેરણામૂર્તિ મહારાણા પ્રતાપ માટે અનોખી લાગણી અને માન સન્માન ધરાવે છે એવા મહારાણા પ્રતાપની પ્રતિમાનું આજે ક્ષત્રિય સમાજના અગ્રણીઓ દ્વારા રેલી સ્વરૂપે તેમજ ભવ્ય રીતે અનાવરણ કરવામાં આવ્યું હતું.

---

જનકલ્યાણકારી યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવા શિબિર

## આથાડુંગરીમાં જન કલ્યાણ શિબિર યોજાઈ, ધારાસભ્ય જયંતીભાઈ રાઠવાએ કર્યું ઉદ્ઘાટન

(પ્રતિનિધિ) કવાંટ, તા.15

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના સેવા, સુશાસન અને જનકલ્યાણના ગૌરવપૂર્ણ 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે કવાંટ તાલુકાના આથાડુંગરી ગામે "જન કલ્યાણ શિબિર"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનું ઉદ્ઘાટન 138-જેતપુર પાવી વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય જયંતીભાઈ રાઠવાના હસ્તે કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે ધારાસભ્ય જયંતીભાઈ રાઠવાએ જણાવ્યું હતું કે સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચે અને દરેક નાગરિક વિકાસની મુખ્યધારામાં જોડાય તે સુનિશ્ચિત કરવા માટે આવી શિબિરો મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. જનસેવા અને જનકલ્યાણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાનું આ એક ઉત્તમ ઉદાહરણ છે.

શિબિર દરમિયાન વિવિધ સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ લાભાર્થીઓને યોજનાઓનો લાભ મેળવવા જરૂરી માહિતી અને સહાય પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કવાંટના મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, આથાડુંગરીના સરપંચ રતનસિંહભાઈ રાઠવા સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### રંગો બની જાય છે ઘરની ઓળખ: 'રંગોં કી વૉરંટી' કેમ્પેઇન લોન્ચ

વડોદરા: ભારતમાં ઘરો માત્ર સરનામા નથી હોતા, પરંતુ તેમની ઓળખ તેમના રંગોથી પણ બને છે. આ જ વિચારને આગળ ધપાવતાં એશિયન પેઇન્ટ્સે તેનું નવું કોર્પોરેટ કેમ્પેઇન 'રંગોં કી વૉરંટી' રજૂ કર્યું છે. આ કેમ્પેઇન ગયા વર્ષે શરૂ કરાયેલા 'એશિયન પેઇન્ટ્સ કી વૉરંટી, ઇન્ડિયા કા હર દૂસરા ઘર કહેતા હૈ' અભિયાનની આગળની કડી છે.

હૂંફાળા સંગીત અને લાગણીસભર દ્રશ્યો સાથે રજૂ થયેલી ફિલ્મ દર્શાવે છે કે કેવી રીતે એશિયન પેઇન્ટ્સના રંગો માત્ર દીવાલો પર જ નહીં, પરંતુ લોકોની યાદો અને લાગણીઓમાં પણ સ્થાન બનાવે છે. સમય બદલાય છે, પરંતુ લાંબા સમય સુધી ટકી રહેતા રંગો ઘરોને એક આગવી ઓળખ આપે છે.

## જબુગામ ખાતે રાત્રી દરમિયાન હાઈવા ટ્રકનો અકસ્માત



**નિયંત્રણ** ગુમાવતા ટ્રક રસ્તા કિનારે આવેલા ઝાડમાં ઘૂસી ગઈ

(પ્રતિનિધિ) બોડેલી, તા.15

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામ વિસ્તારમાં રાત્રી દરમિયાન એક હાઈવા ટ્રકનો અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ રેતી ભરવા જતી હાઈવા ટ્રક અચાનક નિયંત્રણ ગુમાવી રસ્તા કિનારે આવેલા ઝાડમાં ઘૂસી ગઈ હતી. રેતીના સ્ટોકની બાજુમાં જ આ અકસ્માત સર્જાતા એવું અનુમાન લગાવી શકાય છે કે ત્યાંથી કોઈ ગાડી નીકળતી હશે અને આ ટ્રક દ્વારા તેરી ગુમાવ્યો હોઈ શકે છે અકસ્માત એટલો જોરદાર હતો કે ટ્રકની ટક્કરથી ઝાડની ડાળખીઓ તૂટી પડી હતી અને વાહનને પણ નુકસાન પહોંચ્યું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ હોવાની માહિતી સામે આવી નથી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ વિસ્તારમાં રેતી પરિવહન કરતા ભારે વાહનોની અવરજવર સતત વધી રહી છે, જેના કારણે અકસ્માતોની ઘટનાઓમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. વારંવાર રેતીના ડમ્પરો અને હાઈવા ટ્રકોના અકસ્માતોને લઈને સ્થાનિકોમાં ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ઘટના રાત્રી દરમિયાન થતા કોઈકને પણ જાણ થઈ ન હતી.

---

## સોમવતી અમાસે વ્યાસબેટમાં ભક્તિસાગર ઉમટી પડ્યો

(પ્રતિનિધિ) શિનોર, તા.15

તાલુકાના બરકાલ ગામ પાસે નર્મદા નદીના વચ્ચે એક નાનકડા જંગલમાં વ્યાસબેટ પર આવેલા સુપ્રસિદ્ધ વ્યાસેશ્વર મહાદેવ મંદિર ખાતે સોમવતી અમાસ નિમિત્તે ભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો.મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પવિત્ર નર્મદા નદીમાં સ્નાન કરી વ્યાસેશ્વર મહાદેવ ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. શિનોર તાલુકાના બરકાલ ગામ પાસે નર્મદા નદીના વચ્ચે આવેલા એક નાનકડા જંગલમાં વ્યાસેશ્વર મહાદેવનું સુપ્રસિદ્ધ અને આસ્થાનું કેન્દ્ર ગણાતું મંદિર આવેલું છે.સોમવતી અમાસના પાવન અવસરે દ્વારકા, વડોદરા, ભરૂચ, સુરત સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં ઉમટી પડ્યાં હતાં.



શ્રદ્ધાળુઓએ સૌ પ્રથમ પવિત્ર નર્મદા નદીમાં આસ્થાભેર સ્નાન કર્યું હતું. ત્યારબાદ વ્યાસેશ્વર મહાદેવ ના દર્શન - પૂજન કરી આર્શીવાદ મેળવ્યા હતા.મંદિર ખાતે યોજાયેલી મહાપ્રસાદી નો લાભ લઈ ભક્તોએ આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરી હતી. વ્યાસબેટ ને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા માટે મંદિર પરિસરમાં સંરક્ષણ દિવાલ, સંડાસ-બાથરૂમ, ચેન્જિંગ રૂમ તેમજ મંદિરની ફરતે કોટા પથ્થર બિછાવવાની કામગીરી ચાલી રહી છે.

## કુલ 90,965 વિદેશી દારૂની બોટલો પર ફેરવાયું રોડ રોલર



(પ્રતિનિધિ) સાવલી , તા.15

સાવલી તાલુકાના સાવલી, ભાદરવા, ડેસર અને મંજુસર પોલીસ સ્ટેશનમાં વિવિધ ગુનાઓ માં ઝડપાયેલ વિદેશી દારૂનો મંજુસર ખાતે આવેલ અવાવરૂ જગ્યાએ નાશ કરવામાં આવ્યો હતો. કોર્ટ તથા સંબંધિત કાયદાકીય કાર્યવાહી પૂર્ણ થયા બાદ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પોલીસ વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, કુલ રૂ. 2 કરોડ 17 લાખ 95 હજારની કિંમતના દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરી દરમિયાન કુલ 90,965 દારૂની બોટલોનો નો નાશ કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યવાહી દરમિયાન જિલ નાયબ પોલીસ વડા, પ્રાંત અધિકારી, ચારેય પોલીસ મથકના પી આઈ તેમજ સ્ટાફ અને આબકારી નશાબંધી ના અધિકારી સહિત પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને જપ્ત મુદ્દામાલના સુરક્ષિત નિકાલ માટે વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતા આમ તાલુકાના ચાર પોલીસ સ્ટેશન ની હદમાં ઝડપાયેલ વિદેશી દારૂનો ઝડપાયેલા જથ્થાને રોલર ફેરવીને નાશ કરવામાં આવ્યો.

## મંત્રી રમેશ કટારાના નિવેદન સામે શિક્ષક સંઘનો કડક વિરોધ

**"આઠમો** પગાર પંચ હજુ અમલમાં આવ્યો નથી" - શિક્ષક સંઘની સ્પષ્ટતા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.15

ગુજરાત સરકારના મંત્રી રમેશ કટારા દ્વારા જે નિવેદન આપવામાં આવ્યુ છે તેને છોટાઉદેપુર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ તથા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સખત શબ્દોમાં વખોડી વિરોધ નોંધાવ્યો હતો. મંત્રી રમેશભાઈ કટારા એ કહ્યું છે કે આઠમો પગાર પંચ મળી ગયું તો પણ ભૂખ નહીં ભાગી. પરતું સત્ય તો એ છે કે તા.1/1/ 2026 થી આઠમાં પગાર પંચની કમિટી બેઠી છે હજુ તેનો અમલ પણ થયો નથી. છોડો આઠમા પગાર પંચની વાતો હજુ સાતમા પગાર પંચના પગાર ભથ્થાના લાભો પણ પૂરતા મળ્યા નથી. વડીલોને પૂછો 500 રૂપિયા 1000 રૂપિયામાં નોકરી કરતા હતા. તે વખતે મોંઘવારી ઓછી હતી તે વખતે પગાર એટલો પણ પૂરતો હતો. દર 10 વર્ષે સરકાર પગાર પંચની રચના કરે છે અને મોંઘવારી જેમ વધે છે તે મોંઘવારી ભથ્થામાં વધારો કરે છે તે દરેક કર્મચારીને મળતા પગાર પંચનો લાભ એ શિક્ષકોને પણ આપવામાં આવે છે. એમાં વધારાનો કોઈ લાભ શિક્ષકોને નથી આપ્યો. વધારે પગાર મળતો હોય છે છતાં સરકાર સામે વિરોધ કરતા હોય છે. એ વાત તદ્દન યોગ્ય નથી કોઈ વધારાનો લાભ નથી મળતો શિક્ષકો જે મળે છે તે સરકારનો કાયદેસરનો લાભ મળતો હોય છે કોરોના કાળની મોઘવારી બાકી છે શિક્ષકોને તેમની કામગીરીનો મહેનતનો પગાર મળે છે.

---

સાવલીના તત્કાલીન મામલતદાર સામે કાર્યવાહી; સરકારી કર્મચારી વર્તુળમાં ફફડાટ

## ભાદરવા પોલીસ સ્ટેશનના તત્કાલીન PI એ.ઓ. ભરવાડને 10 હજારનો દંડ

(પ્રતિનિધિ) સાવલી, તા.15

સાવલી તાલુકામાં બે અલગ અલગ કિસ્સા ઓ માં બે સરકારી કર્મચારી દ્વારા માહિતી અધિકાર અધિનિયમ મુજબ અરજદારોને માહિતી આપવાના કિસ્સા માં એક તત્કાલીન પી આઈ અને એક તત્કાલીન મામલતદાર ને રાજ્ય માહિતી આયોગે દસ દસ હજાર નો દંડ ફટકારતા સરકારી કર્મચારી બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે

પ્રથમ કેસમાં સદામશા દિલીપ શા દિવાન નામના અરજદારે ભાદરવા પોલીસ સ્ટેશનના પીઆઈ ચેમ્બરના સીસીટીવી ફૂટેજ અંગે આરટીઆઈ હેઠળ માહિતી માંગવામાં આવી હતી. જોકે માહિતી આપવાના બદલે ગુપ્તતાનો ભંગ થતો હોવાનું કારણ દર્શાવવામાં આવ્યું હતું. પ્રથમ અપીલ બાદ પણ અરજદારને માહિતી ન મળતા મામલો રાજ્ય માહિતી આયોગ સુધી પહોંચ્યો હતો. સુનાવણી દરમિયાન ટેકનિકલ ખામીના કારણે સીસીટીવી ફૂટેજનો બેકઅપ ઉપલબ્ધ ન હોવાનું રજૂ કરવામાં આવ્યું હતું. જોકે આયોગે આ દલીલને યોગ્ય ન ગણતા માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારીએ પોતાની ફરજ યોગ્ય રીતે નિભાવી ન હોવાનું નોંધ્યું હતું. હાલ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા તત્કાલીન પીઆઈ એ.ઓ. ભરવાડને રૂ.10 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.અને દંડ ની રકમ તેઓના પગારમાં થી કાપવાનો હુકમ કર્યો છે

જ્યારે બીજા કેસમાં સાવલી મામલતદાર કચેરી સામે ગેસ ગ્રાહકોની વિગતો સંબંધિત માહિતી સમયસર ન આપવા બદલ કાર્યવાહી કરવામાં આવી છે. અરજદાર દિલીપશા મહમ્મદ શા દિવાને 1 નવેમ્બર, 2025ના રોજ એચ.પી. ગેસ એજન્સીના ગ્રાહકો અને રિફિલ વિતરણની વિગતો માંગતી અરજી કરી હતી. જિલ્લા પુરવઠા અધિકારી કચેરી દ્વારા અરજી સાવલી મામલતદાર કચેરીને મોકલવામાં આવી હતી. પ્રથમ અપીલ અધિકારીએ 10 દિવસમાં માહિતી આપવા આદેશ કર્યો હોવા છતાં માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી ન હતી. ત્યારબાદ રાજ્ય માહિતી આયોગમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

## મોબાઈલ ટોઈલેટ વિવાદે શિનોરમાં ગરમાવ્યું રાજકારણ

**મોબાઈલ** ટોઇલેટ ન મળતાં ઉઠ્યા સવાલો

(પ્રતિનિધિ) શિનોર, તા.15

તાજેતર માં નગર માં બે મોટા ધાર્મિક આયોજનો માં છોટાઉદેપુર નગર પાલિકા દ્વારા લેખિત માંગણી હોવા છતાં મોબાઈલ ટોયલેટ મોકલ્યા ન હતા. જેથી આ ઘટના ટોક ઓફ ધ ટાઉન બની હતી. પોતાની અને પક્ષ ની છબી ખરડાવવા નો ભય લાગતા એક કોર્પોરેટર અને પ્રમુખ શ્રી એ રદીયો આપી લીપણ કરવા નો પ્રયાસ કર્યો હતો.

જ્યારે બીજી તરફ કાર્યક્રમ ના આયોજકો જણાવે છે કે તેઓ એ લેખિત માં પોતાની માંગણી રજૂ કરી હતી. પાલિકા ની ફરજ સાધન મોકલવા ની હતી. તે માટે જગ્યા ઉપલબ્ધ કરાવવા ની જવાબદારી આયોજકો ની હતી. પરંતુ ત્યાં જગ્યા મળશે કે નહીં તે પાલિકા ના હોદ્દેદારો જાતે નક્કી કરી નાખે તે વધારે પડતું કહેવાય! મંદિર ની તદન નજીક કે આજુબાજુ ટોયલેટ ના મુકાય તેવી સામાન્ય સમજણ તો કાર્યક્રમ ના આયોજકો ને હોયજ! સુફિયાણી વાતો કરતા હોદ્દેદારો નગરજનોને જણાવે કે નગર માં જાહેર શૌચાલયો ના નામે છેલ્લા 10 વર્ષો માં કેટલી ગ્રાન્ટ વાપરી છે અને આ શૌચાલયો ના અત્યારે શું હાલ હવાલ છે? નગરજનો માટે સાફ સુથરા જાહેર સૌચાલયો ની સુવિધા આપવાં માં પણ પાલિકા નિષ્ફળ નીવડી છે. અત્રે જરૂરી છે કે આ હોદ્દેદારો મીડિયા માં નિવેદનો આપવાને સ્થાને પ્રજા હિત માં કંઈક નક્કર કામગીરી કરી બતાવે. એ નગરના હિત માટે ખૂબ જરૂરી છે.

### છોટાઉદેપુર તંત્રની સંવેદનશીલ પહેલ: સશક્ત દીકરી - કલેક્ટર ઈન ક્લાસરૂમ

**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જિલ્લાની કિશોરીઓ અને દીકરીઓમાં અડગ આત્મવિશ્વાસ, શિક્ષણ, સ્વાસ્થ્ય અને નેતૃત્વના ગુણો ખીલે તેવા ઉમદા આશય સાથે જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક અનોખી પહેલ "સશક્ત દીકરી - કલેક્ટર ઈન ક્લાસરૂમ" અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ નવતર અભિયાનના ભાગરૂપે કલેક્ટરએ આજે છોટાઉદેપુર નગરની પ્રેમલત્તાદેવી કન્યા શાળાની મુલાકાત લઈ, બાળાઓ સાથે હૃદયસ્પર્શી સંવાદ સાધીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.જિલ્લા કલેક્ટરએ દીકરીઓનું આત્મગૌરવ જગાડતા 'હું સ્વચ્છ રહીશ, હું નિયમિત રમત રમીશ અને મારા પરિવાર, ગામ તેમજ દેશનું નામ રોશન કરીશ' એવી પ્રેરણાદાયી વાક્ય રોજ બોલવા કહ્યું હતું.